For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

410 કરોડના ઓનલાઈન ફ્રોડનો પર્દાફાશ

ઓનલાઈન ફ્રોડ કરનાર ચાઈનીઝ ગેંગના બેની સુરતમાંથી ધરપકડ કરાઈ

સુરતઃશહેર સાયબર ક્રાઈમ સેલે શેર ટ્રેડિંગમાં ઊંચા વળતરની લાલચ આપીને 'HB Ultra' તથા 'IISL Sec' જેવી બનાવટી એપ્લિકેશન મારફતે કરોડો રૂપિયા પડાવી લેતી દુબઈ સ્થિત ચાઈનીઝ ગેંગ સાથે સંકળાયેલા બે આરોપીઓને સુરતથી ઝડપી પાડ્યા છે. આ આંતરરાષ્ટ્રીય ગેંગે દેશભરમાં કુલ ૩૩૮ જેટલી ફરિયાદોમાં આશરે રૂ. ૪૧૦ કરોડની ઓનલાઈન ઠગાઈ આચરી હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે.

સાયબર સેલ ડીસીપી બિશાખા જૈનની સૂચનાથી ઈન્સ્પેક્ટર વાય. એસ. સિસોદિયા અને તેમની ટીમે ટેકનિકલ વર્કઆઉટ કરી ગુરૂવારે મોડી રાત્રે સિવિલ ચાર રસ્તા

...અનુસંધાન પાના 9 પર

1 મ્યુલ એકાઉન્ટ્સ' ખોલાવતો હતો

2 નાણા USDTમાં કન્વર્ટ કરાવતો

3 ચાઈનીઝ ગેંગને મોકલી આપતો

યુરોપમાં ભણતો રાંદેરનો સ્ટુડન્ટ દુબઈની ચાઈનીઝ ગેંગનો એજન્ટ નીકળ્યો

મુખ્ય આરોપી અબ્દુલ રેહેમાન આફ્રૂકારા યુરોપના લીથુએનીયા સ્થિત KTU યુનિવર્સિટીમાં સિવિલ એન્જિનિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે અને ત્રણ મહિના પહેલાં જ ભારત આવ્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે તે દુબઈથી ઓપરેટ થતી આંતરરાષ્ટ્રીય ચાઈનીઝ સાયબર ગેંગ સાથે ટેલિગ્રામ મારફતે છેલ્લા એક વર્ષથી સંપર્કમાં હતો. તે અનપઢ મોહસીનખાનના નામે 'MANSURI DIGITAL TRADING' નામની બોગસ પેઢી બનાવીને વિવિધ બેંકોમાં

...અનુસંધાન પાના 9 પર

આરોપીઓની કરમકુંડળી

(૧) અબ્દુલ રહેમાન મોહંમદહસીન આફૂકારા (ઉ.વ.૨૩, રહે: ફ્લેટ નં. બી/૭૦૧-૭૦૨, ફૈઝ કોમ્પલેક્સ, કોઝવે રોડ,), છે, જે લિથુઆનિયા ની કાઉનાસ યુનિવર્સિટી માં સિવિલ એન્જિનિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે અને ત્રણ મહિના અગાઉ જ ભારત પરત આવ્યો હતો. તેની ટ્રાવેલ હિસ્ટ્રીમાં દુબઈ ગયા હોવાનું પણ ખૂલ્યું છે.

(૨) મોહસીનખાન ઉર્ફે ટૂક્ષુ શમીમખાન (ઉ.વ.૩૮, હાલ રહે: ઘર નં. ૧/૧૬૩૬/એ/૨, બ્લોક નં. એ, ચોથો માળ, દિવ્યેશ એપાર્ટમેન્ટ, માધવવન સોસાયટી પાસે, ટીમલિયાવાડ,

...અનુસંધાન પાના 9 પર

દેશભરનાં જુદાં જુદાં રાજ્યોમાં ૩૩૮ ફરિયાદ

આટલી વસ્તુ મળી

- ૯૬ બેંક ખાતા
- ૩૦ ડેબિટ કાર્ડ
- ૧૩ બેંકિંગ એપ્લિકેશન્સ
- ૧૬ મોબાઈલ
- બેંક ચેકબુક
- ચાઈનીઝ ગેંગ સાથેની ચેટ્સ
- ૧૯ લાખના ક્રિપ્ટો વાઉચર્સ કબ્જે કર્યા છે.

આ રાજ્યોમાં ગુના નોંધાયા

મહારાષ્ટ્ર	99
કર્ણાટક	51
તમિલનાડુ	46
ઉત્તરપ્રદેશ	22
ગુજરાત	17

વોટર સ્પોર્ટ્સ સાથે ડિસેમ્બરમાં સુવાલીમાં બીચ ફેસ્ટિવલ યોજાશે

ધારાસભ્ય સંદીપ દેસાઈની રજૂઆતને પગલે પ્રવાસન વિભાગે 70 લાખનું બજેટ ફાળવ્યું

બીચ સુધી જવા માટે લાઈટ્સ અને હાઈમાસ્ટ ટાવર સાથે 10 મીટર પહોળો રોડ બનાવાયો

સુરત : ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી સુરતને પ્રવાસન ક્ષેત્રે નવી ઓળખ અપાવવાના પ્રયાસોના ભાગરૂપે હજીરા સ્થિત સુવાલી બીચ પર સતત ચોથા વર્ષે 'સુવાલી બીચ ફેસ્ટિવલ-4.0' યોજાશે. ડિસેમ્બરના બીજા પખવાડિયામાં યોજાનારા આ મહોત્સવ માટે રાજ્ય સરકારે રૂપિયા 70 લાખની ગ્રાન્ટ મંજૂર કરી છે. ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સમક્ષ કરેલી રજૂઆતને પગલે પ્રવાસન વિભાગ દ્વારા બજેટની ફાળવણી કરવામાં આવી છે.

ત્રણ દિવસીય મહોત્સવને સફળ બનાવવા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

...અનુસંધાન પાના 9 પર

આ વર્ષે કયાં કયાં આકર્ષણો જોવા મળશે

- ફૂડકોર્ટ, હસ્તકલા અને ક્રાફ્ટના સ્ટોલ
- સેલ્ફી પોઇન્ટ, ઊંટ-ઘોડાની સવારી, ટ્રોય ટ્રેન અને બાઇક રાઇડિંગ
- વોટર સ્પોર્ટ્સ, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જાણીતા કલાકારો દ્વારા સંગીતની રમઝટ
- ગયા વર્ષે ભૂમિ ત્રિવેદી, આ વર્ષે કિર્તીદાન ગઢવી આવશે

અડાજણ ડેપો સહિતનાં સ્થળોથી બસની વ્યવસ્થા, પાર્કિંગ ઝોન બનાવાશે

મહાનગરપાલિકા દ્વારા અડાજણ ડેપો સહિતના સ્થળોથી સુવાલી બીચ સુધી સિટી બસની વ્યવસ્થા કરાશે. વિશાળ પાર્કિંગ ઝોન ઊભો કરવાની સાથે રસ્તા પર રિફ્લેક્ટર લગાવવા અને ડિવાઇડરનું સુશોભન કરવાની કામગીરી પણ ચાલી રહી છે.

સ્વિમિંગ ઈન્સ્ટ્રક્ટરોની ગેરહાજરી કે પછી બેદરકારી?

આઈટી એન્જિનિયર પાલિકાના સ્વિમિંગ પૂલમાં અચાનક ડૂબી ગયો !

વરાછાની ઈશ્વરકૃપા સોસા.માં રહેતો 32 વર્ષિય વિમલ કાતરીયા ત્રણ મહિના સ્વિમિંગ શીખ્યા બાદ નિયમિત જતો હતો

બહાર કાઢી સીપીઆર અપાયું, બાદમાં હોસ્પિ.માં લઈ જવાતા તબીબોએ મૃત જાહેર કર્યો

સુરતઃ વરાછાના મિનીબજાર ખાતે આવેલા પાલિકાના સ્વિમિંગ પૂલમાં શનિવારે વહેલી સવારે સ્વિમિંગ કરવા ગયેલા સોફ્ટવેર ડેવલપરનું પાણીમાં ડૂબી જવાથી મોત નીપજતાં ચક્ચાર મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, મૂળ ગીર સોમનાથના ગીરગઢડા તાલુકાના સણેસરી ગામનો વતની 32 વર્ષીય વિમલ રૂખડભાઈ કાતરીયા હાલમાં વરાછા લંબે હનુમાન રોડ પર આવેલી ઈશ્વરકૃપા સોસાયટીમાં રહેતો હતો. વિમલ લાલદરવાજા વિસ્તારમાં આવેલી એક આઈટી કંપનીમાં સોફ્ટવેર ડેવલપર તરીકે નોકરી કરતો હતો. તેને સંતાનમાં એક પુત્રી છે. શનિવારે સવારે સાડા છ વાગ્યાના અરસામાં

...અનુસંધાન પાના 9 પર

સ્વિમિંગ પૂલમાં ઇન્સ્ટ્રક્ટરોની હાજરી અંગે સવાલો

સૂત્રોના જણાવ્યા મુજબ, પાલિકાના આશરે 25 બાય 25 ફૂટના સ્વિમિંગ પૂલમાં લોકોને સ્વિમિંગ શીખવવા માટે ચાર ઇન્સ્ટ્રક્ટર ફરજ બજાવે છે. જોકે, વિમલ પાણીમાં ડૂબ્યો ત્યારે પૂલમાં માત્ર બે ઇન્સ્ટ્રક્ટરો હાજર હોવાની ચર્ચા છે. બાકીના બે ઇન્સ્ટ્રક્ટરો રજા પર હતા કે ફરજ પર સમયસર પહોંચ્યા નહોતા, તે અંગે સ્પષ્ટતા થઈ નથી. જો બે ઇન્સ્ટ્રક્ટરો રજા પર હોય તો તેમની જગ્યાએ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી કે નહીં તે મુદ્દે પણ સવાલો ઊઠ્યા છે. જોકે, ઇન્સ્ટ્રક્ટરોની સંખ્યા અને તેમની હાજરીથી આ દુર્ઘટના ટાળી શકાઈ હોત કે કેમ તે અંગે તપાસ બાદ જ સ્પષ્ટતા થઈ શકશે.

ફેફસામાં અને હોજરીમાં પાણી ભરાઈ ગયું

સ્મીમેર હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના ડોક્ટર સંદીપ રવોતીએ જણાવ્યું હતું કે, પોસ્ટમોર્ટમ દરમિયાન વિમલના ફેફસાં અને હોજરી એટલે કે પેટના ભાગે પાણી ભરાઈ ગયું હતું. જેથી તેમનું શ્વાસ રૂંધાઇ જવાને કારણે તેમનું મોત થયું હોવાનું પ્રાથમિક જાણવા મળ્યું હતું.

ઘારી-ફરસાણના 19 નમૂના લેવાયા, બે દિવસ પહેલાનો એક નમૂનો ફેઈલ

તા. 23મીએ લેવાયેલા તમામ ઘારીના નમૂના સેફ નીકળ્યા

સુરતઃ આગામી ચંદી પડવાના તહેવારને ધ્યાનમાં રાખીને સુરત શહેરમાં ખાદ્ય ચીજ વસ્તુઓની ગુણવત્તા ચકાસવા માટે ફૂડ વિભાગ દ્વારા છેલ્લા 2 દિવસથી ચલાવવામાં આવી રહેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત ગત આજે પણ તવાઈ યથાવત રાખવામાં આવી છે. ફૂડ સેફ્ટી ઓફિસરોએ ઘારી તેમજ ફરસાણનું ઉત્પાદન અને વેચાણ કરતી કુલ 12 સંસ્થાની સ્થળ તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન ઘારીના-12 અને ફરસાણના-7 મળીને કુલ-19 નમૂના એકત્રિત કરવામાં આવ્યા છે, જેને ટેસ્ટિંગ માટે લેબમાં મોકલી આપવામાં આવ્યાં છે. આ અહેવાલ આવ્યા બાદ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006 અને તેના નિયમો અનુસાર કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શનિવારે આ સંસ્થાઓમાંથી નમૂના લેવાયા

- દેવી જય ગાયત્રી ઇદડા એન્ડ ખમણ હાઉસ - પાલનપુર જકાતનાકા
- અમૃત ફરસાણ માર્ટ - પાલનપુર જકાતનાકા
- એસ. મોતીરામ એન્ટરપ્રાઇઝ - દુકાલપોલ, હરીપુરા, ભાગળ
- રમેશની મીઠાઈ - ઝાંપા બજાર મેઇન રોડ
- સાપરા પેંડા - વરાછા રોડ
- મનભાવન સ્વીટ્સ - ઉધના મેઇન રોડ
- શ્યામ અક્ષત સાપરા સ્વીટ - અમરોલી ન્યુ કોસાડ રોડ
- સાપરાની મીઠાઈઓ - કતારગામ મેઇન રોડ
- સાપરા બ્રધર્સ પેંડાવલા - નાના વરાછા હાઉસીંગ સોસાયટી, નાના વરાછા
- જય અંબે ફરસાણ - જોલી કોમ્પલેક્સ, ઘોડદોડ રોડ
- ચોર્યાસી તાલુકા દુધ વેચાણ કરનારી સહકારી મંડળી લી. - અંબાજી રોડ
- હલવાવાલા સ્વીટ એન્ડ સ્નેક્સ - સલાબતપુરા
- કનૈયા ડેરી એન્ડ સ્વીટ્સ - ચીકુવાડી, વિશાલ નગર સોસાયટી, કતારગામ, સુરત)

આ સતત 2 દિવસથી ચાલતી કાર્યવાહીના સંદર્ભમાં ગત તા. 23/10/2026ના રોજ લેવાયેલા ઘારીના કુલ-20 નમૂના પબ્લિક હેલ્થ લેબોરેટરીના ફૂડ એનાલિસ્ટ દ્વારા ધારા-ધોરણ મુજબના હોવાનું જાહેર કરાયું છે. જોકે, અગાઉ તા. 22/10/2026ના રોજ લેવામાં આવેલા માવાના કુલ-15 નમૂના પૈકી 'કનૈયા ડેરી એન્ડ સ્વીટસ' (ચીકુવાડી, વિશાલ નગર સોસાયટી, કતારગામ, સુરત) ખાતેથી લીધેલો દૂધના માવાનો 1 નમૂનો ધારા-ધોરણ મુજબનો ન હોવાનું સામે આવ્યું છે, જેમાં 'Presence of Beta Sitosterol' જોવા મળ્યું હતું. આ અપ્રમાણસર નમૂના મામલે સંબંધીત ઈસમ કે સંસ્થા વિરુદ્ધ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006 હેઠળ નિયમનુસારની આગળની કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

શિયાળા માટે હજુ એકાદ સપ્તાહની રાહ જોવી પડશે, 26મીએ માવઠાની શક્યતા

સુરતમાં રાતનું તાપમાન ઘટ્યું, ઉત્તરના પવનોથી ઠંડી આવે તેવી સંભાવના

સુરત : સુરત શહેરમાં તાપમાનમાં ઘટાડો નોંધાતાં વાતાવરણમાં ધીમે ધીમે પલટો આવવાના સંકેત મળી રહ્યા છે. શહેરમાં મહત્તમ અને લઘુત્તમ બંને તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. મહત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને ૩૬.૬ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો ઘટાડો થતાં પારો ૨૪ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. બીજી તરફ, ઉત્તર દિશામાંથી પવન ફૂંકાતાં આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવામાનની વિગતો મુજબ, શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ ૪૪ ટકા નોંધાયું હતું. જ્યારે ઉત્તર દિશામાંથી છ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. પવનની દિશામાં થયેલો ફેરફાર અને લઘુત્તમ તાપમાનમાં નોંધાયેલો ઘટાડો વાતાવરણમાં બદલાવના સંકેત આપી રહ્યો છે. જોકે, હાલ દિવસ દરમિયાન ગરમીનો અનુભવ યથાવત્ રહેવાની શક્યતા છે. હવામાનમાં ફેરફાર વચ્ચે આગામી ૨૬ ઓક્ટોબરથી રાજ્યમાં માવઠું થવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જો માવઠાની સ્થિતિ સર્જાય તો વાતાવરણમાં વધુ ફેરફાર જોવા મળી શકે છે. જોકે, વરસાદની શક્યતા અને તેની અસર અંગે આગામી દિવસોની હવામાન સ્થિતિ મહત્ત્વપૂર્ણ રહેશે. સામાન્ય રીતે ઓક્ટોબરના અંતિમ દિવસો અને નવેમ્બર મહિનાની શરૂઆત સાથે વાતાવરણમાં ઠંડક વધવાની શરૂઆત થાય છે. આ વખતે પણ આવતા અઠવાડિયા પછી ઠંડીનું ધીમી ગતિએ આગમન થવાની શક્યતા છે. ઉત્તર દિશાના પવનની અસર વધશે તો ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડકનો અનુભવ વધી શકે છે. જોકે, ઠંડીનું પ્રમાણ કેટલું વધશે તે આગામી દિવસોના તાપમાન અને પવનની સ્થિતિ પર નિર્ભર રહેશે.

અંકલેશ્વર નજીક હાઈવે પર ઓવર બ્રિજ સાથે અથડાયેલા કન્ટેનરને કારણે 3 કલાક જામ

(તસવીર : પ્રવીણ તેરૈયા)

- અંકલેશ્વર,ભરૂચ: અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નં.48 પર એક કન્ટેનર પ્રતીન ઓવરબ્રિજ સાથે અથડાતાં બીમ તૂટી પડ્યો હતો. જેને કારણે સલામતીના પ્રશ્નો ઉદભવ્યા છે. આ ઘટનાને પગલે ઓવરબ્રિજ પરથી વાહનોની અવરજવર બંધ કરાતાં નવા રસ્તાઓ પર ભારે હાલાકી ભોગવવી પડી હતી. શુક્રવારે રાત્રે ભરૂચથી અંકલેશ્વર તરફ આવતાં વાહનો લગભગ બે કિમી દૂર સુધી થંભી ગયાં હતાં. જેને કારણે ત્રણ કલાક સુધી ટ્રાફિકજામ થયો હતો. કન્ટેનરની ટક્કરથી બ્રિજનો કેટલોક હિસ્સો ક્ષતિગ્રસ્ત થયો હતો. સલામતીના ભાગરૂપે બ્રિજ બંધ કરાતાં સમગ્ર વિસ્તારમાં ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. આ ઘટનાની અસર આસપાસના માર્ગો પર પણ જોવા મળી હતી. પ્રતીન ચોકડીથી મહાવીર ટર્નિંગ અને વાલિયા ચોકડીથી જ્યાબેન મોદી હોસ્પિટલ સુધી વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ટ્રાફિક જામનાં આકાશી દૃશ્યોમાં પણ વાહનોની લાંબી કતારો સ્પષ્ટ દેખાઈ હતી. અંકલેશ્વર GIDCને જોડતો આ મહત્ત્વનો બ્રિજ બંધ થવાથી ઔદ્યોગિક વિસ્તારમાં અવરજવર કરતા વાહનચાલકો પણ અટવાયા હતા. હાલ બ્રિજના નુકસાનનો સરવે કરી સમારકામની કામગીરી હાથ ધરાય ત્યાં સુધી વાહનોને અન્ય રૂટ થઈને જવામાં હાલાકી ભોગવવી પડશે.

ગોલ્ડનો ભાવ ઘટી રહ્યો છે પણ સુરતમાં 'ગોલ્ડ ઘારી'નો ભાવ પ્રતિ કિલો 21 હજાર

એડ્વાન્સ બુકિંગ અને દેશ-વિદેશમાંથી વિપુલ ઓર્ડર

સુરતઃ આ વર્ષે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બજારમાં સોનાના ભાવમાં થયેલા રેકોર્ડબ્રેક વધારાની સીધી અસર સુરતની વિશ્વપ્રસિદ્ધ 'ગોલ્ડ ઘારી' પર પડી છે. આ વર્ષે ગોલ્ડ ઘારીના ભાવમાં પ્રતિ કિલોએ એકસાથે રૂ.5,000નો માતબર ઉછાળો નોંધાયો છે. ગયા વર્ષે જે સ્પેશિયલ ગોલ્ડ ઘારી રૂ.16,000 પ્રતિ કિલોના

...અનુસંધાન પાના 9 પર

24 કેરેટ સોનાનો જ ઉપયોગ થાય છે

સુરતનાં ઘારી વિક્રેતાઓનાં જણાવ્યાં મુજબ એક કિલો જેટલી ઘારીમાં 1.24 કેરેટ ગોલ્ડનો વપરાશ થાય છે. પાછલા વર્ષોમા 10 ગ્રામ (એક તોલા) સોનાની કિંમત સતત વધી છે. બીજી તરફ ખાદ્ય પદાર્થોમાં 24 કેરેટ સોનાનોજ ઉપયોગ કરવો પડે છે.જો 18 કેરેટ કે તેથી ઓછા કેરેટયનાં સોનાનો ઉપયોક કરવામાં આવે તો ખાદ્ય પદર્થમાં ઝેર ઉત્પન થાય છે આથી પાછલા સમયમાં સોનાના ભાવો વધવાને કારણે આ વર્ષે ૩,5000નો ફરક પડતા ઘારીનાં ભાવમાં ઉછાળો આવ્યો છે.

હવે બજારમાં આવી ગઈ 'જંતર-મંતર' અને 'Gen-Z' ઘારી

હવે સુરતીઓ માટે આ વર્ષે 'Gen-Z' અને 'જંતર-મંતર' ઘારી પણ આવી ગઈ છે. આ વર્ષે દેશમાં સૌથી ચર્ચાસ્પદ અને જાણીતા બનેલા આ નામો પણ સુરતની મીઠાઈ વિક્રેતાએ ઘારી બનાવી છે. આ ઘારી બનાવનાર મીઠાઈ વિક્રેતાએ જણાવ્યું હતું કે, ચંદી પડવાને લઈ હવે સુરતીઓમાં પણ વિવિધ વેરાઈટીની ઘારીઓની ડિમાન્ડ વધી રહી છે. આ વર્ષે કંઈક નવી ઘારી બનાવવાનો વિચાર આવ્યો ત્યારે હાલમાં સૌથી સંભળાતા બે શબ્દો 'Gen-Z' અને 'જંતર-મંતર' આ શબ્દોને લઈને ઘારી બનાવવાનું નક્કી કર્યું હતું. આજની જનરેશન માટે Gen-Z ઘારી તૈયાર કરી છે, બ્યુએનો એટલે 'GOOD', ઇટાલિયન કંપની ફ્રેરો ચોકલેટ બ્રાંડ કિન્ડર બ્યુનો બનાવે છે, બ્યુએનો ફ્લેવર એટલે હેઝલનટ, મિલ્ક, ક્રીમ, ક્રિસ્પી વેફર, ચોકલેટનો ઉપયોગ કરી બનાવાય છે, જે આજની પેઢીને ખૂબ પસંદ છે, ઉપરાંત કેરેમલ ઘારી પણ તૈયાર કરી છે. ઘારીના સ્વાદ

...અનુસંધાન પાના 9 પર

ગરબામાંથી સીધા ICUમાં જઈ સારવાર, BHMS ડૉ. કલ્પના સવાણી વિવાદમાં

ડૉ. કલ્પના સવાણીએ જે સારવાર કરી તેની તેને સત્તા હતી કે કેમ?: એલોપેથિક તબીબોમાં રોષ

સુરતઃ નવરાત્રિ દરમિયાન ગરબાના ગ્રાઉન્ડ પરથી રેપિડો કરીને તાત્કાલિક હોસ્પિટલ પહોંચીને દર્દીનો જીવ બચાવ્યાની ઘટના બાદ સુરતનાં BHMS મહિલા તબીબ ડો. કલ્પના સવાણીની રીલને લઈને વિવાદનો વંટોળ ઊઠ્યો છે. એક તરફ ઇમરજન્સીમાં દર્દીની સારવાર માટે તાત્કાલિક પહોંચવાની બાબતની ચર્ચા થઈ રહી છે, તો બીજી તરફ તેમની તબીબી લાયકાત, એલોપેથિક સારવાર કરવાની કાયદેસર સત્તા અને સર્જિકલ પ્રોટોકોલના પાલન અંગે સવાલો ઊભા થયા છે. આ

ડૉ. કલ્પના સવાણીએ કહ્યું, હાલ દર્દીની સારવારમાં છું

આ મામલે ડો. કલ્પના સવાણીનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, હું અત્યારે એક દર્દીની સારવારમાં છું. આ અંગે આપણે પછી વિસ્તારથી વાતો કરીશું.

મામલે IMAના હોદ્દેદારોએ પણ અલગ-અલગ નિવેદનો આપતાં તબીબી જગતમાં ચર્ચા તેજ બની છે.

ગાંધીનગર IMAના પ્રમુખ ડો. દેવેન્દ્ર ગોસ્વામીએ BHMS અથવા આયુર્વેદિક ડિગ્રી ધરાવતા તબીબો પોતાની માન્ય લાયકાત અને લાગુ પડતા નિયમોની મર્યાદામાં રહીને જ સારવાર કરી શકે તેવો મત વ્યક્ત કર્યો હતો. જોકે, કોઈ વ્યક્તિનો જીવ જોખમમાં હોય ત્યારે CPR જેવી પ્રાથમિક જીવનરક્ષક મદદ આપવી એ અલગ બાબત હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. બીજી

...અનુસંધાન પાના 9 પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

અવસાન,બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ 3000/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

॥ છ માસિક શ્રદ્ધાંજલિ ॥

સ્વ. દમયંતીબેન કૃષ્ણકાંત પંડિત
સ્વ.તા. ૨૪/૪/૨૦૨૬
આપના સ્નેહ, સેવા અને વાત્સલ્યની સુવાસ અમારા હૃદયમાં સદાય જીવંત રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના
લિ.
કૃષ્ણકાંત અમૃતલાલ પંડિત
સ્વ. રાકેશ કૃષ્ણકાંત પંડિત | જીગ્નેશ કૃષ્ણકાંત પંડિત
સ્વ. ભૂમિકા કૃષ્ણકાંત પંડિત | જીગીશા જીગ્નેશ પંડિત ૦
રુદ્ર જીગ્નેશ પંડિત | સિધ્ધી પ્રદિપકુમાર ગરીબનવાઝ
સરનામું- ૧૧૪,૧૧૫, ગાંધીકુટીર સોસાયટી, ઉધના મગદલ્લા રોડ, સુરત.

ॐ । કાળાચુડા કડવા પાટીદાર અવસાન । ॐ

સ્વ. મગનભાઈ લલ્લુભાઈ પટેલ
સ્વ.૨૪/૧૦/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પિતાશ્રી/ભાઈશ્રી/કાકાશ્રી **સ્વ.મગનભાઈ લલ્લુભાઈ પટેલ**નું તા.૨૪-૧૦-૨૦૨૬ ને શનિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે સદ્ગતનાં દિવ્ય આત્માની શાંતિ અર્થે પ્રાર્થનાસભા સંપન્ન થયેલ છે.

મળવાને સમય : તા.૨૫-૨૬/૧૦/૨૦૨૬ સાંજે : ૪ થી ૬

લિ. શોકાતુર

શાંતિલાલ રણછોડભાઈ પટેલ (ભાઈ)	કેતન મહાદેવભાઈ પટેલ (પૌત્ર)
મોહનભાઈ ગાંડાભાઈ પટેલ (ભત્રીજા)	વિશાલ શાંતિલાલ પટેલ (પૌત્ર)
રાજેશભાઈ ગોવિંદજી માસ્તર (ભત્રીજા)	સુનિલ મોહનભાઈ પટેલ (પૌત્ર)
મહાદેવભાઈ મગનભાઈ પટેલ (પુત્ર)	દિપન રાજેશભાઈ માસ્તર (પૌત્ર)
હેમંતકુમાર ગોવિંદજી માસ્તર (ભત્રીજા)	કૃણાલ હેમંતકુમાર માસ્તર (કેનેડા) (પૌત્ર)

ઉત્તમ, યોગીરાજ, મનન, શુભમ, દેવમ, રૂદ્ર (કેનેડા)

નિવાસસ્થાન : ૩૩૬, છપ્પનિયો મોહલ્લો, અડાજણ ગામ, સુરત.